શ્રી

ઓંકારેશ્વર (શુકલતીર્થ) ની જાત્રાનાં

 રસિક ગાયનો.

(જેમાં જાત્રાનું બ્યાન, ઓંકારેશ્વર તથા શુકલેશ્વર મહાદેવનાં ભજનો, નાટકના મનોરંજક રાગોમાં રચેલાં છે. તે ઉપરાંત નવી જાહેર ખબરો પણ આપેલી છે.)

રચી પ્રસિદ્ધ કરનાર,
મથુરાશંકર જીવણરામ મહેતાજી.
ચાંપાનેર સ્ટે. બાજુ.

અમદાવાદ.
"વિજય પ્રવર્તક" પ્રેસ.

કિંમત ૧ આનો.

ॐ नमः श्रीराम समर्थ.

परोपकाराय सतां विभूतयः

સાબવ રેહેને. રસાતા નહીં,

મંત્રસિદ્ધ તાવીજ અને દોરા.

હિમાલય ઉપરના એક મહાતપસ્વી (સિદ્ધ) પુરૂષ પાસેથી અમે ઉપલા તાવીજ અને દોરા મંત્રી આપવાનું શીખ્યા છીયે અને સિદ્ધ પુરૂષે અમને મંત્રનો અનુગ્રહ આપ્યો, તેજ સદ્પુરૂષની પુર્ણ કૃપાથી સર્વે હિંદુસ્તાનના લોકોને પુર્ણ અનુભવ આવ્યો છે અને નિત્ય આવે છે, એ કેવળ શ્રી સદગુરૂ મહારાજ એમનોજ પ્રસાદ છે આ બે વસ્તુઓ ઉપયોગ કરવાથી પિશાચાદી પીડાથી છોકરાં, સ્ત્રી કિંવા પુરૂષ ઉંઘમાં અગર જાગ્રત અવસ્થામાં ગભરાય છે, કંપ છુટે છે, ગાંડપણ લાગે છે, અપસ્માર પ્રમુખ વિગેરે વિકાર થાય છે, કદી કદી બેશુદ્ધ થાય છે અને તાવ પણ આવે છે, તેમજ સ્વપ્નામાં સ્ત્રીનો ભાસ થઈ અગર જાગ્રતાવસ્થામાં સ્ત્રીના ચિંતનથી આકસ્મિક થનાર વીર્યપાત ઈ. વિકાર બાંધવાથી સારા થાય છે. તેમજ કેટલીક સ્ત્રીઓ પિશાચાદી પીડાથી કિંવા દૈવીક કારણોથી સંતતી થતી નથી, થાય તો જીવતી નથી કેટલીક સ્ત્રીઓને આડકાયા પછી ૮-૧૦ દિવસ પેટ શુળથી ઘણું દુઃખ ખમવું પડે છે. આ સર્વે વિકારો તથા ગોટામાં મોટા ન ખમાય તેવો અને હાડમાં પસરેલા રોગો અમારા આ અમુલ્ય તાવીજ અને દોરાથી બાંધવાથી સારા થાય છે. કેટલાક પ્રસંગે આ બે વસ્તુ સ્ત્રી પુરૂષોએ એકી વખતે ઉપયોગમાં લેવી પડે છે. દોરાની કિં. રૂ. ૧ અને તાંબાના તાવીજની કિં. રૂ. ૧ા, રૂપાના તાવીજની કિં. ૨, સોનાના રૂ. ૬. માહિતી ખરચ સાથે. રોકડેથી કિંવા વે. પે. થી મંગાવે મોકલીશું. આ વસ્તુ મંગાવવી હોય તો ફક્ત નીચેને ઠેકાણે લખી મંગાવવી. બીજે કશે પણ આ વસ્તુ મળશે નહીં.

ઠેકાણું—ત્ર્યંબક રામચંદ્ર પરાંજપે સિદ્ધમાંત્રીક,
મુ. મુર્ડી, તા. દાપોલી, જી. રત્નાગીરી.

શ્રી

ઓંકારેશ્વર (શુકલતીર્થ) ની જાત્રાનાં

રસિક ગાયનો.

(જેમાં જાત્રાનું બ્યાન, ઓંકારેશ્વર તથા શુકલેશ્વર
મહાદેવનાં ભજનો, નાટકના મનોરંજક
રાહોમાં રચેલાં છે. તે ઉપરાંત નવી
જાહેર ખબરો પણ આપેલી છે.)

રચી પ્રસિદ્ધ કરનાર,
ભાનુશંકર જીવણરામ મહેતાજી.
ચાંપાનેર સ્ટ્રીટ. ભરૂચ.

અમદાવાદ.
"વિજય પ્રવર્તક" પ્રેસ.

કિંમત ૧ આનો.

અર્પણ પત્રીકા.

મહેરબાન રાજ્યમાન રાજેશ્રી, શેઠજી સાહેબ.

ઇચ્છાલાલજી અમૃતલાલજી મામલતદારના

જ્ઞાનોદય પ્રી. પ્રેસના પ્રોપ્રાયટર.

ભરૂચ.

મંદા ક્રાંતા.

રૂડી વાણી વિનય ભરિશું, આદરે પુર્ણ ગીરી,
ધારી વૃત્તિ નિરમલ ઘણી, શું દશ ભાન વાળી.
ધૈર્ય શૌર્ય પુરણ તકપી, દુષ્કૃતી-દોષ-હીના,
સેવા કાર્યે નગર જનના, હોંસ અત્યંત વાળા. ૧

વસંતતિલકા.

નાની વયે ભણિગણી યશ લાભ લીધો,
દીપાવવા વંશ શકે કુલદીપ દીપ્યો.
સ્વાતંત્ર્ય ધારિ સ્વમતે વિચરી સ્વમાર્ગે.
દીપ્યાજ અલ્પ સમયે નીજ અતિ ધંધે. ૨

આર્યા.

જોવા જોવા નિરખી અનેક ઉત્તમ ગુણો તમમાં,
હૃદયે રાચી રાચી, ધારી **ઇચ્છાઅમૃતની** ઉરમાં: ૩
અર્પુ હું અભિલાષે, પોથી આ મુંજ 'હૃદય લહરી,'
માગી શંકર પાસે—**"અર્પો તમને સુખ શાંતિ લહરી"!** ૪

શ્રી ગણપતિની સ્તુતિ.

કલ્યાણની રાહ.

(પ્રેમ સભાજનો—એ રાહ.)

હે દેવ ગણપતિ, તુજ અકળ છે ગતિ;
મ્હારા કાર્ય પૂર્ણું થવા, આપો સન્મતિ. હે દેવ. ટેક.
સરવે કામે, ઠામે ઠામે, ગુણ તારા સૌ ગાય;
ધ્યાન ધરીને કારજ કરતાં, નિશ્ચે પૂરણ થાય. હે દેવ. ૧
પાર્વતિ જનની છે તમ સાચે, શંભુ સરખા તાત.
અકળીત લીલા વરણી ન જાયે, સમર્થ છો સાક્ષાત. હે દેવ. ૨
શુભ આરંભે પૂજન થાઓ, દુંદાળા છો દેવ;
વંદન કરૂં પ્રીતેથી તમને, ઉગારો તતખેવ. હે દેવ. ૩

શ્રી ઓંકારેશ્વરની સ્તુતિ.

(પાટણના નૃપ નથી તુજ મોહોલે—એ રાહ.)

ઓંકારેશ્વર દેવા તાહારી, જાત્રા બહુ પ્યારી. ટેક.
નિહાળું રચના બહુ સારી, જાઉં તુજપર વારી વારી;
મહા તેજોમય મૂર્તિ તા'રી, લીલા છે ન્યારી. ઓંકારેશ્વર. ૧
જાત્રાળુ આવે તુજ આગે, નગારાં બહુ પેરે વાગે;
ધુતારા ડરથી બહુ ભાગે, દર્શનથી દુઃખ દેતું વારી. ઓંકારેશ્વર૦ ૨

પુષ્પ લઈને માળી બેસે, હાર ફૂલ લઈ લોકો પેસે;
રખે કોઈનું ચોરી લેશે, સિપાઈઓ જુવે ધારી ધારી. ઓંકારેશ્વર૦ ૩
અતિશે ઠંડી બહુ વાગે, લોકોની ગીર્દિ પણ થાએ;
વંદો નિજ સેવક શું ગાવે, અતિશે મહિમા તુજ ભારી. ઓંકારેશ્વર૦ ૪

શ્રી ઓંકારેશ્વરની સ્તુતિ તથા જાત્રાની રચના. પદ.

(મુરખ નર કોકટમાં અતિ ફૂલ્યો—એ રાહ).

ઓંકારેશ્વર નામ છે આણંદકારી.
વંદો માગું કરુણા તાહારી. ઓંકારેશ્વર૦ ટેક.
તુજ આગળ હું કરગરી વંદું, અપરાધી છું ભારી; હાંરે હો અપ૦
જેવો તેવો પણ ભક્ત તમારો, તેથી લો મુજને ઉગારી. ઓંકારેશ્વર૦ ૧
મહિમા સુણીને, ઉમંગ ધરીને, ઝાંખી કરે નરનારી; હાંરે હો ઝાંખી૦
અકળિત લીલા વરણી ન જાએ તુજ, જાત્રા ભરાય બહુ સારી.
ઓંકારેશ્વર૦ ૨
ઝંડાઓ નિશાનસાથે, ભજન કરે સુર આણી; હાંરે તારે ભજન.
વિઘ્ન નિવારણ અંતર ઓધારણ, સાક્ષાત આપને ધારી. ઓંકારેશ્વર. ૩
દેશાંતરના લોકો ઘણેરા, દુકાનો લાવે છે ભારી; હાંરે તેનો દુકાનો.
પ્રથમ પહોંચતાં ઝાંખી કરીને, માગે કરુણા તમારી. ઓંકારેશ્વર. ૪
કાર્તિક શુદી એકાદશીથી, જાત્રા શરૂઆત તાહારી. હાંરે જાત્રાની.
પૂર્ણિમા, પડવો, બીજ લગી ત્યાં, હરખે રહે નરનારી. ઓંકારેશ્વર. ૫
વધુ વર્ણન કરતાં હું થાકું, શિવશંકર ઉર આણી; હાંરે દેવા શિવ.
નિજ સેવકનાં કષ્ટો હરીને, ઉગારી લ્યો બાળ જાણી. ઓંકારેશ્વર. ૬

શ્રી શુકલેશ્વર મહાદેવની સ્તુતિ.

(કોઇ હાલ કહો જાકે—એ રાહ.)

શંભુ તાહારી લીલા સારી.જાઊં તુજ પર વારીવારી હારહારહાર શંભુ. ટેક.
શુકલેશ્વરજી નામ તમારૂં, મોટો તુજ આધાર.
દયા લાવી ઉતારો પાર, સુણી આ વાર;
શંકરા તાર તાર, હાર હાર, તાર તાર તાર. શંભુ. ૧
અલ્પ મતિનો અતિશય પાપી, હું છું તારો બાળ:
સ્થિતિ માહારી ઘણી કંગાળ, સન્મતિ આલ.
કાપ સૈ ટાળ ટાળ, ટાળ ટાળ, ટાળ ટાળ ટાળ, શંભુ૦ ૨
અલ્પ વિનંતી ઉરમાં લઇને, સદ્બુદ્ધિ તું આપ;
અરે ભોળા શંભુ બાપ, દુર્મતિ કાપ,
ભક્ત તુજ થાપ થાપ, થાપ થાપ, થાપ થાપ થાપ. શંભુ૦ ૩

શ્રી શુકલેશ્વર મહાદેવનું ભજન

(મન અભિમાની—એ રાહ.)

ભોળા શંભુને પ્રભુ નિત ભજીએ,ભવસાગરનાં દુઃખડાંરે તજીએ;ભોળા૦ ટેક.
વ્યાપી રહ્યા છો આ સ્થળ માંહે ભારી, જગતની રચના અધિક છે
તમારી; ભોળા૦ ૧
નવીન તરેહની ચીજો મળે છે,વેપારી લોકો ભુજમાં રળે છે;ભોળા૦ ૨
ભાંગ ધંતુરો શીવજી કમળના ભોગી, વિનતી સ્વિકારો હે સંત
શામ્ય જોગી; ભોળા૦ ૩

જાત્રાનું વર્ણન.

ગરબી.

(ગીરધારીરે—એ રાહ.)

શુકલેશ્વરરે, તારી ગતિ છે ન્યારી, લાગે જાત્રા અતીશય પ્યારી. ટેક.
કર પરસેરે, મેળો ભરાયો ભારી. તુજ દર્શણની બલીહારી.

ઝુલ.

કેટલાક ગાડી કે હોડીએ આવેરે, નવી વસ્તુઓ વેચવા લાવેરે,
એમ નરનારી સૌ ગાવેરે, નાથ ભોળારે, અલ્પમતિ છે મારી. લાગે. ૧
નરનારીરે, ખીલતાં નથી ઠંડ માટે, જાય ફરવા નર્મદા ઘાટે.
નર આંધીરે, નવીન ગલપટા માથે, જાએ બૈરી છોકરાં સાથે.

ઝુલ.

રાતે ટાઢ ઘણેરી વાગરે, લોકો હોંસ ધરીને જાગરે,
રસ્તે ભીડા ભીડ બહુ થાયરે, નાટકવાળારે, ખેલ કરેછે જારી. લાગે૦ ૨
સઘે ફરતાંરે, બાજાં તણા ભણકારા, સુણો હવાઇ તણા સણકારા.
ઠંડી લાગેરે. જન પાડે જમકારા, ગોપી કરે ઠુમક ઠમકારા.

ઝુલ.

ચાંદો છોડે હવાઇ અપારરે, તેની શોભા તણો નહીં પારરે,
કેટલા હાજરછે તેણી વારરે, વિશ્વેશ્વરરે, તેને તું સેછે ઉગારી. લાગે૦ ૩
અલ્પમતિથીરે, ગરબો બનાવ્યો તમારો, નિજ બાળને હેતે ઉગારો,
શુદ્ધિમાંરે, મહિમા ઘણોછે તમારો, નિજ ભક્તને કર તું સારો.

ઝુલ.

રાંક મેહેર નજર તું કરજેરે, મારી વિનતી ઉરમાં ધરજેરે,
દુઃખીઆંને સુખીઆં કરજેરે, માહા જોગીરે, વિનતી સૌને સ્વિકારી.
લાગે જાત્રા અતીશય પ્યારી. ૪

નર્મદાજીની સ્તુતી (અટકાનું એ રાહ.)

નમું નમું (૨) નર્મદે માતા.
છો જગત વિશે વિખ્યાતા
ભમું ભમું (૨) તું કર શુખશાતા, છો જગત. ટેક.
માને આરે હેતે આવું, નાહીને નિર્મળ થાઉં.
અરે આ કાગ, કરીને સાં'પ, ગૃહીને બાંહ્ય.
કરો શુખ શાતા, છો જગત. ૧
સૃષ્ટિમાં નહીં કોઇ મા'રો, ગને નથી ઉગરવા આરો,
તુજ આશ્રય છે ઉગારો,
લેની સંભાળ, હેતે નીહાળ, જાણીને બાળ;
મોક્ષની દાતા, છો જગત. ૨

ત્રણસો પાનાનું મોટું પુસ્તક.

કલજુગના કૌતક. **ત્રિસ ચિત્રો સાથે.**

સુંદર એમ્બોસ બાંધાઇ, નકસીનું સોનેરી નામ ઠગ વિધા, સોનેરી ટોળીના પ્રાકર્મોને દેશદેશના કૌતકોનું કલેજા ધરાવી હસાવનારૂં.

કલજુગના કૌતક.

કીં. રૂા. ૧) પો. ૦)= સર્વે બુકસેલર તથા એમ. એચ. ગઢેર-આલી પાસેથી મલશે. ડુંગરી બજાર મુંબાઇ.

॥ ॐ नमः श्रीरामचंद्राय ॥

આર્ય મહોપધાલય મુ૦ આંજરલે.

આ અત્યંત ખાત્રીના ઔષધનો ગુણ સોમાંથી એકાદ બે રોગીઓને કદાચીત ન આવે તો પઇસા પાછા આપીશુંજ તથા તેના આરોગ્ય માટે તે શીવાય બીજું એકાદ ઉત્તમ ઔષધ આપવું પડશે તો તે મફતજ આપીશું.

આ જાહેરાત નીચે " વિશેષ સુચના " કરી છે, તે વાંચકોએ અવશ્ય ધ્યાનમાં રાખવી.

મદનવિલાશામ્રત શંજીવની.

૨ વીર્યસ્તંભક, રક્ત શોધક, અત્યંત પૌષ્ટીક, શોભા સાકળથી કાંતીવર્ધક તથા ધાતુપૌષ્ટિક સુવર્ણ માક્ષિક, મોતીક ક-સ્તુરી મીશ્રીત અપુર્વ ગુટીકા.

શરીરની તંદુરસ્તી સુધારણા કરનાર અત્યંત મહત્વનાં જે ઔ-ષધો છે તેમાં આ ગુટીકા કેવળ પહેલીજ પતીની ઠરવાથી એનો અપુરવ ગુણ થોડાજ કાળમાં આ દેશના સરવ ભાગમાં અતીશય પ્રસરયો છે. તેના સેવન કરવાથી નાપુંસકત્વ, ઇંદ્રીની શીથીલતા, ગરમી જીર્ણજ્વર, અગ્નીની મંદતા, કોઇ પણ કારણથી આવેલી અ-શક્તતા, સ્વપ્નજન્ય વીર્ય બીજા ધાતુપાત, છાતીમાંના રોગ, પાં-ડુરોગ, દમ, મુળવ્યાધી, ભગંદર, મુત્રસંક્રોચ્ય જરીયાન, વાતરોગ, ઉપદંશ સંબંધી મરેલા વીકારો, હાથ, પગ, મુત્રાશયનો દાહ, ઇ. અનેક વીકાર કોઇ પણ વયના મનુષ્યને કોઇ પણ કારણથી પ્રાપ્ત

થયેલા નવા; કીંવા ઘણા દીવસનો જુનો હશે તોપણ ખાત્રીથી જલદી સારો થાય છે. ધાતુ તથા લોહીની શુદ્ધી તેમ વૃદ્ધી થઇને "રક્તદુષણ જન્ય' અનેક રોગ હરીને અવશ્ય સારા થાય છે, વિર્ય-સ્થંભન તથા કામોદ્દીપન થઇને અગ્ની તથા શક્તી ભરપુર વધે છે, સ્ત્રીઓનો ધુપણી તથા સંતતીને હાનીકારક જે ગર્ભાશયનો રોગ તેનું નીવારણ થઇને કાંતીસમાણું શક્તી તથા બુદ્ધિ વધે છે. જેમને ફરવાનો, લખવાનો, અભ્યાસ કરવાનો, શીખવવાનો તથા શીખવા-નો શ્રમ ઘણો પડે છે, તે સરવેનાં અંગે આનાથી અતીશય શક્તી આવીને મનનો ઉત્સાહ પ્રાપ્ત થાય તથા સુસ્તી જાય છે. જેમને દુધ, ચહા વીગેરે પદાર્થ પાચન થઇ શકતો નથી તેમને તે સારી રીતે પાચન થઇ શકશે કોઠે શુધ થાય છે. કોઠાના અનીયમીત વ્યાપાર નીયમીત થાય છે. આ અપ્રતિમ ગુટીકા અત્યંત ઉપયુક્ત હોય ક-રવાથી તેના અપ્રતિમ ગુણ કરવા માટેનાં હજારો સરટીફીકેટ છે. બાબત વધુ લખતા નથી. આમાં નુકશાનકારક પદાર્થ બીલકુલ ન હોઇ સ્ત્રી પુરૂષ તથા છોકરાઓને આ અત્યંત ઉપયોગી વળી ઉપર-નાં સર્વે રોગો નાશ પામવા ઉપરાંત ઘણો સારો ગુણ કરે એવું આ ગુટીકાના જેવું બીજું કોઇ અપ્રતિમ ઔષધ જ નથી. એવું સ્પષ્ટ કહીએ છીએ. અને પથ્ય પાળવાની જરૂર ન છતાં ગમે તે દીવસ-માં લેવાથી ખાત્રીથી ગુણ કરે છે, આ કારણથી એનો પુષ્કળ ખપ થવા માંડયો છે. ગોળી એક રૂપીઆથી ઓછી મળશે નહીં એકદમ છ રૂપીઆની કીંવા તે કરતાં પણ થોડી વધુ લેનારને એ[illegible] ગીનો સર્વે ટપાલ ખરચ માફ છે. એકદમ ૩૨ ગોળીઓના રૂ. ૧) ૭૦ ગોળીઓના રૂ ૨) ૧૬૦ ગોળીના રૂ ૪) તથા ૨૬૦ ગોળીના

રૂ ૬) તથા ૫૨૦ ગોળીઓના રૂ ૧૦) અનુમાન વીધી દવા સાથે જ મોકલવામાં આવશે.

૨ **શૃંગાર નેત્રાંજન:**—આ પરમ ગુણકારી અને અત્યંત સ્તુતિપાત્ર અંજન એમ લાગટ દસ વરસના પુરણ અનુભવથી જ-ણાવીએ છીએ. એથી આંખને સાધારણ વીકાર તો સહજ, પરંતુ દ્રષ્ટીનો તદન નાશ કરનાર તિમીરાંધ્ય છાયા, મોતીયા, ફુલ, કાચ, સારા ગળવું, બળબળ, ચીપડા તથા સણકા, તથા લાલાશ વીગેરે અનેક વીકારો તથા તેથી મસ્તક શુળાદી વીકાર કોઇ પણ વયના મનુષ્યને કોઇપણ કારણથી થએલા નવા અથવા જુના હશે તો પણ નાજુક રીતે કાંઇ પણ હાની ન થતાં સારૂ થાય છે. આંખે ટાઢક રહે છે તેથી દ્રષ્ટી વધે છે, શીતાધ ઉજાગરો, તાપમાં ફરવું, અગ્નિ શેક ઉપદંશ વીકાર, ઘણું વાંચવું, ઘણો શ્રમ, અતિ સ્ત્રી સંગ, અતી મદ્યપાન, ઉની તથા ગરમ ચીજ ખાવી. ઇ. અનેક કારણથી જેની આંખો બગડે છે તેમને આ ઘણુંજ ઉપીયોગી છે. એ સારી આંખો વાળા માણસની આંખમાં ઘાલવાથી તેને ઉપરના વીકાર બીલકુલ થતા નથી. નાના છોકરાંને પણ અત્યંત ઉપીયોગી છે, બે તોલાની ડબીનો રૂ ૧॥.

૩ **પરમાપર અપુર્વ મિશ્ર:**—કોઇપણ પ્રકારના નવા તથા જુના પરમાથી થતી બળતરા, કળતર. મુત્ર વિવેણુમ સંકોચ શોથ મુત્રાત્રિક ઇ. વીકાર આ મીશ્રણથી બીલકુલ હાની ન થતાં અગથવા કરી પાળવાની ખટપટ ન કરતાં તાબડતોબ સારૂ થાયછે. પરમાપર એટલી ખાત્રીનું ઔષધ એકે નથી. બાટલી ૧ નો રૂ ૧)

૪ **દંતરક્ષા પુડી:**—આ ઘસવાથી દાંત સંબંધી સરવે

વીકારો જેવા કે દાંતમાંથી લોહી નીકળવું. વણ, પુ, કીડ, ઇ. વીકાર ઘણાજ જલદીથી અને નાજુકાઇથી સારા દાંત સ્વચ્છ અને મજબુત થાય છે. ડબી ૧ ના ૬ આના.

૫. ગજ કર્ણુ:—ખરજ, ચુંટ વીગેરે વીકારો ત્રણ દીવસમાં સારા થઇ જાય છે. ડબી એકના ૬ આના.

૬. વીંછીનું ઝેર:—આ ઔષધ લગાડતાંજ ઉતરે છે. ડબી એકના આઠ આના. એક ડબી સાળીસ માણસને ચાલે છે.

૭ વૃષણ વૃદ્ધી:—(અંતરગળ) આ વીકાર હોવામાં વીશેષ કરીને નીરાશ્રીત વાયુ એ મુખ્ય કારણ છે. કાષ્ટ પ્રકાર, મુષ્ટી પ્રકાર, અભ્યવસ્થીત પતન ઇત્યાદી કારણ એ પણ છે. ઉપલા કારણથી વૃષણના એક કીંવા બે ભાગ મોટા થઇ હલુકા, સુજ, બધીરના ઇ. વીકાર થાય છે. એ સર્વે રોગ અમારી ગોળીઓ અને મલમ એથી ૧૦—૧૨ દીવસમાં ખાત્રીથી સારા થાય છે. અને ઘણો જુનો અને જોરદાર હોય તો પણ ૪૦ દીવસમાં તદન સારો થાય છે. મલમ ડબીના આઠ આના અને ૨૪ ગોળીની ડબીનો રૂ૧ાા. બે મળી કીં. રૂ. ૨) બંને ઓસડોનો સાથે ઉપયોગ કરવો.

* ઔષદોમાં અપાયકારક બીલકુલ ન હોય તે પુર્ણ ખાત્રીનાં હોવા બદલ દફતરો સર્ટીફીકેટો છે. મોટા મોટા રોગો ઉપર પુર્ણ ખાત્રીનાં બીજાં ઓસડો છે. આ શીવાય અમારે આહીં શ્ર્યોક્ત રશાયણો, ધાતુની ભસ્મો, પાક, તેલ ગોળીઓ, ઇત્યાદી ઓસડો વ્યાજબી કીંમતે મળશે; અનુમાન પત્રક અડીપધ સાથે મોકલવામાં આવશે, ટપાલ ખરચ જુદું પડશે. ઓસડો નીચેને સરનામેથી મળશે.

" વીશેષ સુચના " હાલમાં વર્તમાન પત્રોમાં અમારાં આજસુ

ગામની અને નજીકના મુરડી ગામની ઓસડોની નવીન ઘણી જાહેર ખબરો શરૂ થઇ છે અને તે પછી કેટલીક જાહેર ખબર નીચે અમારા ઉપર જે સખીઓ છે તે અમારા નામ જેવી લાગવાનો સંભવ છે. તેથી કદાચીત ગ્રાહકોને ગોટાળો થશે તો આવા લોકો સાથે અને તેની જાહેરાતો સાથે અમારે કોઇ સંબંધ નથી, જે ગ્રાહકોએ ખરેખર તેમાં રાખી અમારૂં ઓસડ મંગાવે તો, "**કૃષ્ણશાસ્ત્રી ભિવલકર વૈદ્ય મુ૦ આંજરલે** તા. દીપોલી જીલ્લે રત્નાગીરી" એ તદન ખીન ચુક સર્વ અને પત્તા ઉપરથી મંગાવવાં.

કૃષ્ણશાસ્ત્રી ભિવલકર વૈદ્ય.

ઠે૦—મુ૦ આંજરલે તા. દીપોલી જી. રત્નાગીરી.

અજમાવીને ખાત્રી કરો.

મોતીલાલ દુર્લભ નેટીવ ડાકટરની ૨૦ વરસના લાંબા અનુભવ ઉપરથી સીદ્ધ થયેલી દેશી દવાઓ.

વિઘ્ન વીનાશન.

બચ્ચાંઓ ઉપર આવી પડતાં વિઘ્નનો નાશ કરનાર, રોગી તથા નિરોગીને સેવન કરવા લાયક ઔષધી, કરમ, વરાધ, (સસણી) ખાંસી વગેરે અનેક પ્રકારનાં દરદોને દુર કરી તનદુરસ્તી બક્ષે છે. મરદો, ઓરતો તેમજ બચ્ચાંઓને જુલાબ લેવા માટે વિઘ્ન વીનાશન અત્યુત્તમ ઔષધી છે. જેરાનો સુકાઇ ગયેલો ગર્ભ (ઓર) નિ-

ઘ્ન વિનાશનથી પાછો પ્રફુલ્લિત થાય છે. વિઘ્ન વિનાશન સેવન કરનાર મનુષ્ય ઉપર કોલેરા જેવો દુષ્ટ રોગ પણ હુમલો કરી શકતો નથી કીંમત ત્રણ તોલાની ડબીનો રૂ. ૧ દોઢ તોલાની ડબીનો રૂ. ૦॥— પોણા તોલાની ડબીના રૂ. ૦।—

૨ દીર્ઘાયુ—દરેક જાતના રોગને આરામ કરનાર આયુષ્ય, બળ, તથા વીર્યને વધારનાર ઔષધી કીંમત તોલા ૨) ના રૂ ૨) માત્રા વાલ બે (છરતી) મધ તથા ઘીમાં મેળવી ખાવી. દીવસમાં બે અથવા ત્રણવાર.

૩ સુદર્શણ ચુર્ણ—સઘળી જાતના તાવને આરામ કરે છે. કીં. તોલા ત્રણનો રૂ. ૧

૪ ત્રિકટુ સૈંધવ ચૂર્ણ—જઠરાગ્નિને પ્રદીપ્ત કરે છે, પેટના વાયુને તોડે છે શુદ્ધ ઓડ લાવે છે, અને ખાંસીને આરામ કરે છે કીમત તોલા આઠનો રૂ ૧)

૫ ઔષધ બરોળ—બરોળનું ફુલી જવું, પેટમાં આવતી ચુંક તથા આંકડી પાતલો ઝાડો, ગુલ્મ રોગ વીગેરે દરદોને આરામ કરે છે. કીં. તોલા ચારનો રૂ ૧

૬ યોગરાજ ગુગલ—સઘળી જાતના વાત રોગ એટલે વાયુથી ઉત્પન્ન થતાં દરદોને મટાડે છે કીં. તોલા ત્રણનો રૂ ૧

૭ નારાયણતેલ—એ તેલ મસળવાથી સાંધા કમર તથા આખા શરીરનો દુખાવો મટી જાય છે. સંધી વા વીગેરે દરદોને આરામ કરે છે. નિર્બળ થઇ ગએલા અવયવોને તાજા બનાવે છે. અને ફક્ત શરીરે ચોળવાથીજ બળ તથા ધાતુને વધારે છે. કીં. તોલા ચારનો રૂ. ૧

૮ **અદ્દીરારીષ્ટ**:—લોહી સુધારે છે તથા વધારે છે. ચામડીના દરદોને દુર કરેછે. કી. બાટલી એકનો રૂા. ૧

૯ **દ્રાક્ષારીષ્ટ**:—ઉર ક્ષતરોગ, ક્ષયરોગ, ખાંસી, હાંફણનો રોગ, કફ રોગ, મદાત્ય રોગ એટલે અતીશય દારૂ પીવાથી થતા રોગોને મટાડે છે અને શરીરમાં શકતી વધારે છે. કીંમત બાટલી એકના રૂા. ૨)

૧૦ **આંખનું અંજનઃ**—દુખવા આવેલી આંખો રતાશ તથા આખમાંથી પાણી ઝરવું વીગેરે રોગોને મટાડે છે કીંમત ડબી એકનો રૂ. ૧)

૧૧ **શુક્રાંજન**—આંખમાં પડેલા ફુલને સારાં કરે છે. કીંમત ચાર તોલાની ડબીનો રૂ ૧).

૧૨ **સુરમો**—સારો તથા સસ્તો કાળો સુરમો આંખની રોશની વધારે છે તથા આંખોને સ[illegible]ની આપે છે. કી. તોલા એકનો રૂ ૧.

૧૩ **મલમ**—સારો તથા સસ્તો.દેશી ગાંગપ્લાસ્ટર ફુટકે અને ત્યાથાં પણ મળશે.

મોતીલાલ હરીભાઇ નેટીવ ડાકટર

ઠે. લલ્લુભાઇના ચકલામાં શ્રીજીમંદીર પાસે ભરૂચ.

—————→○←———

વધારેમાં વધારે રૂ. ૩૦૦૦ સુધીનો લાભ.

સરકારી કાયદા મુજબ રજીસ્ટર થએલું

UNIVERSAL MUTUAL LIFE ASSURANCE FUND LIMITED

સાર્વજનિક પરસ્પરનું જીંદગીનું વીમા ફંડ, લીમીટેડ

હેડ ઓફીસ—ભરૂચ.

આ ફંડમાં દાખલ થવા માટે પ્રવેશ ફી રૂ. ૨) તથા વાર્ષિક લવાજમ નીચે મુજબ છે.

વાર્ષિક લવાજમ.

ઉમરની હદ વરસ	ફી રૂ.	ઉમરની હદ વરસ	ફી રૂ.
૧૮ થી ૨૦	૩	૩૬ – ૪૦	૭
૨૧ થી ૨૫	૪	૪૧ – ૪૫	૮
૨૬ થી ૩૦	૫	૪૬ – ૫૦	૯
૩૧ થી ૩૫	૬	૫૧ – ૫૫	૧૦

આ ફંડના મેમ્બરોના મરણ થવાથી મરનારને મેમ્બરોના વારસોને વધારેમાં વધારે રૂ. ૩ હજાર સુધી લાભ મળવાની ગોઠવણ છે. આ ફંડમાં લગભગ એક હજાર મેમ્બરો થયા છે. આ ફંડનો વહીવટ આબરૂદાર ડાયરેકટરોના હાથમાં છે આ ફંડના દરેક મેમ્બરને મીટીંગમાં વોટ આપવાનો અધિકાર છે આ ફંડની નકલ કરી બીજા ઘણા ફંડો ગુજરાતમાં નીકળ્યાં છે, પણ તેમાંનું એકે રજીસ્ટર થયું નથી અમારૂં ફંડ સૌથી જુનું છે, માટે વધારે ખુલાસા માટે રૂબરૂ આવી મળવું, અથવા કાયદાની ચોપડી મંગાવી લેવી. મેમ્બરો મેળવી આપનાર એજન્ટોને દરેક મેમ્બરે એક રૂપીઓ આપવામાં આવે છે. માટે એજન્ટ થવા અરજી કરો. ગામે ગામ અકેક એજન્ટ નીમવાનો છે.

ઠે. લલ્લુભાઈના મકાનમાં
ભરૂચ તા. ૧–૧૦–૦૭

ડાહ્યાભાઈ દલપતભાઈ.
મેનેજર અને સેક્રેટરી.